નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫
ટ્રાયબલ એરીયામાં હાટ શરૂ કરવા બાબત

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૩-ન.બા.૨૬-ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા. 8 AUG 2014

વંચાણે લીધા :-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૨/૧૨/૨૦૧૩નો પત્ર ક્રમાંક: આવિ/ અગન/ હાટઇનટીએસપી/૨૦૧૩૧૪/૧૦૭૨ થી ૧૦૭૩

## ઠરાવ :-

અનુ.જનજાતિના લોકો પોતાના ઉત્પાદકો/પેદાશોનો વેચાણ સામાન્યતઃ પરંપરાગત રીતે અને સ્થાનિક લોકોએ નક્કી કર્યા મુજબના દિવસોમાં જાહેર માર્ગોમાં બેસીને કરતા હોય છે. તેઓની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે શેડ કે દુકાન જેવું ઉભુ કરી શકતા નથી. અને દૂર દૂરથી આવતા આદિવાસીઓ પોતાનો માલ વેચવા સારું કોઇ ચોક્કસ જગ્યા ન હોવાને કારણે રસ્તા ઉપર વાહનોની અવર-જવર વચ્ચે શિયાળો, ચોમાસુ અને ઉનાળામાં પણ બેસીને વેચાણ કરી આવક મેળવતા હોય છે. જેથી અનુ.જનજાતિના લોકો પોતાના દ્વારા ઉત્પાદિત કરેલ ચીજવસ્તુઓનો વેચાણ તેમના નજીકના સ્થળે જ્યાં હાટ ભરાતા હોય ત્યાં આદિજાતિની સઘન વસ્તી ધરાવતા તાલુકાઓ પૈકી દરેક તાલુકામાં એક હાટ શરૂ કરવાનું આયોજન છે. તે પૈકી પ્રાયોગિક ધોરણે આવા બે તાલુકામાં કુલ બે હાટ શરૂ કરવા માટે રૂ.૨.૦૦ કરોડ પ્રતિ હાટ. એટલે કુલ ૪.૦૦ કરોડ, વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્ર માટેની નવી બાબતની દરખાસ્ત સંદર્ભ-(૧)થી રજુ કરવામાં આવેલ હતી. જેને પુખ્ત વિચારણાના અંતે નીચેની શરતોને આધીન વર્ષ ૨૦૧૪-૧૫ માટે વહિવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેની યોજના કમિશનરશ્રી, આદિવાસી વિકાસએ તૈયાર કરીને મંજુરી અર્થે રજુ કરવાની રહેશે, જેમાં આ હાટનું સંચાલન કોણ અને કેવી રીતે કરશે તે દર્શાવવાનું રહેશે. વિભાગની મંજુરી મળ્યા પછી જ યોજનાનું અમલ કરવાનું રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનુ પાલન કરવાનું રહેશે.

(૯) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૧૦) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૬ આયોજન, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: આદિજાતિ વિસ્તારોમાં હાટ બનાવવા હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૧૭/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે. પટેલ)

સંયુક્ત સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ</u> રવાના :-

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.